A souvenir from :

Pallavi & Dilip Mehta
1200, Shānudeep
10, Altamount Road
Mumbai 400 026
Tel : 380 8899, 380 3584

B. Arunkumār & Co.
Mumbai

Rosy Blue
Antwerp

Mr. Girish Shah
20485 Via Cadiz
Yorba Linda, CA 92886-4577

Jain Marriage Ceremony

compiled & translated by
Mr. Ramesh Joshi
The New Era School, Mumbai 400 007

Dipti Janak

Tuesday, 8.4.97
Turf Club, Mahalaxmi, Mumbai

॥ ॐ श्री त्रिशलानंदाय नमः ॥

॥ મંગલાચરણ ॥

નમસ્કાર. સુસ્વાગતમ્. જેની અસીમ કૃપાથી ચિ. દીપ્તિ (ડિમ્પલ) અને ચિ. જનકકુમારના લગ્નની મંગળ ઘડી અવતરી છે એવા પરમ કૃપાળુ શ્રી અરિહંત ભગવંત, ગણધર ભગવંત અને શાસન દેવતાઓને વંદન કરીએ છીએ. આજે વિ. સં. ૨૦૫૩ ના ચૈત્ર સુદ એકમ એટલે ગુડી પડવો, તા. ૮-૪-૧૯૯૭ ના મંગળવારના શુભ દિવસે પાલનપુર નિવાસી શ્રી દિલીપભાઈ રમણિકલાલ મહેતા અને અ. સૌ. પલ્લવીબહેનની સુપુત્રી ચિ. દીપ્તિ (ડિમ્પલ) અને અમરાપુરનિવાસી શ્રી પંકજભાઈ મનસુખલાલ દોશી અને અ. સૌ. દીપિકાબહેનના સુપુત્ર ચિ. જનકના મંગલ પરિણયની વિધિનાં મંગલાચરણ કરીએ. આપ સૌ વડીલોનું અને સ્વજનોનું વરકન્યાના બન્ને પક્ષ તરફથી અંતઃકરણપૂર્વક સ્વાગત કરીએ છીએ. હરખાતાં હૈયે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશતાં દીપ્તિ-જનકના સહજીવનને આપના અંતરના આશિષથી ધન્ય બનાવવા વિનંતી કરીએ છીએ.

॥ ૐ જય જય જય । ૐ નમોસ્તુ નમોસ્તુ નમોસ્તુ ॥

|| Om Shri Trishalānandāy Namah ||

Benediction

Namaskār and welcome to you all. At the very beginning, we bow down to the highly gracious Shri Arihant God, Ganadharas and the Deities of the Jain Shāsan (Religious order) whose endless grace has blessed us with the auspicious occasion of the wedding of Dipti (Dimple) with Janak. Today, on the 8th April, 1997, i.e. The Gudipadavo day of the Vikram year 2053, let us begin with the sacred ceremony of the wedding of Dipti, the daughter of Shri Dilipbhai Ramniklal Mehta & Smt. Pallaviben, the residents of Pālanpur; with Janak Kumār, the son of Shri Pankajbhāi Mansukhlal Doshi and Smt. Deepikāben, the residents of Amarāpur. We whole-heartedly welcome all of you on behalf of the bride's as well as the groom's side. We request you to bless the matrimonial life of Dipti and Janak, as they, with joy in their hearts, are entering grihasthāshram (The householder's life).

Om Jay Jay Jay, Om Namostu, Namostu, Namostu.



નમો અરિહંતાણમ્
નમો સિદ્ધાણમ્
નમો આયરિયાણમ્
નમો ઉવજ્ઝાયાણમ્
નમો લોએ સવ્વ સાહૂણમ્
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિમ્
પઢમં હવઈ મંગલમ્ ॥

(ભાવાર્થ : અરિહંત પ્રભુને નમસ્કાર.
સિદ્ધ ભગવંતોને નમસ્કાર.
આચાર્યોને નમસ્કાર.
ઉપાધ્યાયોને નમસ્કાર.
જગતના સર્વ સાધુજનને નમસ્કાર.
આ પાંચ નમસ્કાર સર્વ પ્રકારનાં પાપનો નાશ કરનાર છે.
સર્વ પ્રકારનાં મંગલમાં એ સર્વ પ્રથમ મંગલકારી છે.)

અર્હન્તો ભગવંત ઈન્દ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ ।
શ્રી સિદ્ધાન્ત-સુપાઠકા મુનિવરાઃ રત્નત્રયારાધકા
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્ ॥

Namo Arihantāṇam
Namo Siddhāṇam
Namo Āyariyāṇam
Namo Uvajzāyāṇam
Namo Leo Savva Sāhuṇam
Eso Panch Namukkāro
Savva Pāvappaṇāsaṇo
Mangalāṇam cha savvesim
Padhamam havai Mangalam

(meaning - Salutations to Arihantas, the establishers of The Shāsan.
Salutations to the Siddhās (liberated souls) who have attained Moksha.
Salutations to the Āchāryās (Spiritual masters) who are experts in the tenets expounded by The Arhats.
Salutations to the Upādhyāyās (The Scholars) who enlighten the masses.
Salutations to all the Sādhus of the world who have dedicated their lives to the fulfilment of the noble mission.
'Prostrations to the (above) five' is the destroyer of all sins - and is the first and most auspicious of all auspicious things).

Arhanto bhagawant Indramahitāhā Siddhāscha Siddhisthitā
Achāryā jinashāsanonnatikarāhā poojyā Upādhyāyakāhā
Shri Siddhānta Supāthaka munivarāhā ratnatrayārādhakā
Panchaite Parmesthinah Pratidinam Kurvantu vo mangalam



(ભાવાર્થ : ઈન્દ્રસહિત દેવદાનવ અને માનવ વડે સન્માન પામેલ વંદનીય અરિહંત દેવ; સિદ્ધશીલાપર સ્થિત સિદ્ધ ભગવાન, જિન શાસનની ઉન્નતિ કરનારા શ્રી આચાર્ય દેવો, આગમોનું પઠનપાઠન કરાવનારા પૂજ્ય ઉપાધ્યાયજીઓ તથા રત્નત્રયીનું આરાધન કરવામાં તત્પર એવા પ્રવર મુનિવરો; આ પાંચ પરમ ઈષ્ટ દેવ અમારું સતત કલ્યાણ કરો.)

ૐ હ્રીં અર્હમ્ શ્રી ગૌતમસ્વામિને નમઃ ।
ૐ હ્રીં અર્હમ્ શ્રી ગૌતમસ્વામિને નમઃ ।
ૐ હ્રીં અર્હમ્ શ્રી ગૌતમસ્વામિને નમઃ ।

હવે વરકન્યા મંગલદીપ પ્રગટાવશે. પ્રભુને એજ પ્રાર્થના કે દીવડાનો પ્રકાશ બન્નેના જીવનને અજવાળો. હવે જીવનરક્ષાનું અભેદ્ય કવચ રચનારા 'આત્મરક્ષામંત્ર'નું ભક્તિભાવપૂર્વક પઠન થશે.

॥ આત્મરક્ષામંત્ર ॥

ૐ પરમેષ્ઠિનમસ્કારં, સારં નવપદાત્મકમ્ ।
આત્મરક્ષાકરં વજ્રપંજરાભં સ્મરામ્યહમ્ ॥૧॥
ૐ નમો અરિહંતાણં શિરસ્કં શિરસિ સ્થિતમ્ ।
ૐ નમો સવ્વ સિદ્ધાણં, મુખે મુખપટાંબરમ્ ॥૨॥
ૐ નમો આયરિયાણં, અંગરક્ષાતિશાયિની ।
ૐ નમો ઉવજ્ઝાયાણં આયુધં હસ્તયોર્દ્રઢમ્ ॥૩॥

(meaning - Lord Arihant, who is honoured by the gods inclusive of Indra as well as human beings; The Siddhās who are seated on Siddhasheelā; the Āchāryās who are responsible for the growth of Jainism; the respected teachers who learn and teach scriptures and the honourable monks who are always eager to follow the Ratnatrayee, the three jewels of life - may these five supreme gods protect us, always).

Om hrim arham Shri Gautamsvāmine Namaḥ!
Om hrim arham Shri Gautamsvāmine Namaḥ!
Om hrim arham Shri Gautasvāmine Namaḥ!

Now the bride and the groom will light the auspicious lamp (i.e. Mangal Deep). We pray for God's grace so that the light of the lamp shall brighten the life of both the bride and the groom. Now, there will be chanting of the Ātmarakshāmantra, the creator of the unformidable armour of protection.

Ātmarakshā Mantra

Om paramesthinamaskāram sāram navapadātmakaṃ
Ātmaraksākaram vajra-panjarābham smarāmyaham || 1 ||
Om namo arihamtāṇam siraskam sirasi sthitam
Om namo siddhānam mukhe mukhapatāmbaram || 2 ||
Om namo āyariyāṇam angaraksā tisāyini
Om namo uvajāyāṇam ayudham hastayor dradham || 3 ||

ૐ નમો લોએ સવ્વ સાહૂણં, મોચકે પાદયોઃ શુભે ।
એસો પંચ નમુક્કારો, શિલાવજ્રમયી તલે ॥૪॥
સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ ।
મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાંગાર ખાતિકાઃ ॥૫॥
સ્વાહાંતં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મંગલમ્ ।
વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહરક્ષણે ॥૬॥
મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની ।
પરમેષ્ઠિપદોદ્ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ ॥૭॥
યશ્ચૈનં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા ।
તસ્ય ન સ્યાદ્ ભયં, વ્યાધિ-રાધિશ્ચાઽપિ કદાચન્ । ॥૮॥

(ભાવાર્થ: નવપદના સારસ્વરૂપ પંચ પરમેષ્ઠિને ૐ પૂર્વક નમસ્કાર કરીને, આત્મ રક્ષા કરનાર વજ્રપંજર સ્તોત્રનું હું સ્મરણ કરું છું.

મસ્તક ઉપર રહેલા અરિહંત ભગવંતને ૐ પૂર્વક નમસ્કાર. મુખ ઉપર રહેલા આવરણરૂપ વસ્ત્ર સમાન સર્વ સિદ્ધ ભગવંતોને નમસ્કાર.

અંગની રક્ષા કરનાર આચાર્ય ભગવંતોને નમસ્કાર. બે હાથના દઢ આયુધ સમાન ઉપાધ્યાય ભગવાનને નમસ્કાર.

બે પગના શુભ રક્ષક એવા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર. આ પાંચને કરેલ નમસ્કાર ધરાતલ ઉપર વજ્રમય શીલા સમાન છે.

શરીર બહારથી વજ્ર સમાન બનાવે છે. સર્વ પાપનો નાશ કરનાર છે સર્વનું મંગલ કરનાર છે. 'સ્વાહા' અંતવાળા મંત્રને જાણવો જોઈએ, જે પ્રથમ મંગલકારી છે. શરીર ઉપર વજ્રમય રક્ષણ કરનાર આ મંત્ર છે.

પરમેષ્ઠિના પાંચ પદોમાંથી ઉદ્ભવેલી અને પૂર્વસૂરિઓએ કહેલી આ મહાપ્રભાવશાલી 'રક્ષા' ક્ષુદ્ર, ઉપદ્રવ વગેરેનો નાશ કરનારી છે.

પરમેષ્ઠિનાં પદો વડે જે આ 'રક્ષા' નો પાઠ કરે છે. તેને કદી પણ ભય, વ્યાધિ આધિ વગેરે પીડતાં નથી.)

Om namo loe savvasāhunam mochake padayoho shubhe
Eso pancha namukkāro shilā vajramayi tale || 4 ||
Savvappāvapanāsaṇo vapro vajramayo bahihi
Mangalānam cha savvesim khadirāngāra khātikā || 5 ||
Svāhāntaṃ cha padam jneyam padhamam havai mangalaṃ
Vappropari vajramayam pidhānam deharakshaṇe || 6 ||
Mahaprabhavā raksheyam kshudropadravanāshini
Parameshthipadādbhutā kathitā purvasuribhihị || 7 ||
Yaschainam kurute rakshām parameshthipadaihi sadā
Tasya na syād bhayam vyādhir ādhischāpi kadāchana || 8 ||

(Summary - Bowing down to the five divine presences who are the essence of the nine units of the Navakār mantra, I evoke Vajra panjar stotra (1) Placing my hand on the head, I bow down to the Arihant Bhagawān to protect my head. I place my hands on my face and bow down to the siddhas whose divine vibrations may protect my face. (2) I bow down to the teachers and seek their blessings to protect my chest and body parts from the shoulders downwards. I bow down to the Upadhyāys (preceptors) to make my arms solid like armour. (3) I bow down to all the saints in the universe and pray to them to bless my legs & feet. These are the five benedictions. Visualizing their protection, I sit on an unbreakable rock. (4) With this power, I create a vajra (castle) around me with my two hands which will protect me from all evil influences. (5) Visualizing that I am blessed by the supreme benedictions, I protect and cover the castle with a heavy lid to protect myself from evil influences. (6) This protection or armour is highly powerful and the destroyer of evil influences. This protection has originated from the five divinites and is related by the great saints from the past. (7) Whoever recites this with purity, is eternally protected from all evils (8)

હવે ચિ. દીપ્તિનાં માતુશ્રી પદ્મવીબહેન અને ચિ. જનકનાં માતુશ્રી દીપિકાબહેન વરકન્યાને મંગલતિલક કરશે. પાયલબહેન, વરકન્યાને હાથે મીંઢળ બાંધશે. ભક્તિબહેન, ચારેય માતા-પિતાને જમણે કાંડે પવિત્ર રક્ષાપોટલી બાંધશે. આ વિધિવેળાએ હવે મંગલતિલકના શ્લોક ગવાશે.

॥ મંગલતિલક ॥

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ પ્રભુ; ।
મંગલં સ્થૂલિભદ્રાદ્યા, જૈન ધર્મોસ્તુ મંગલમ્ ॥
નાભે આદ્યા જિનાઃ સર્વેઃ ભરતાદ્યાશ્ચ ચક્રિણઃ ।
કુર્વન્તુ મંગલં સર્વે, વિષ્ણવઃ પ્રતિવિષ્ણવ ઃ ॥
મરુદેવી ત્રિશલાદ્યા વિખ્યાતા જિનમાતરામ્ ।
ત્રિજગત્ જનિતા નંદા, મંગલાય ભવતુ મે ॥
ચક્રેશ્વરી સિદ્ધાયિકા, મુખ્યાઃ શાસનદેવતા ।
સમ્યગ્દર્શા વિઘ્નહરાઃ રચયંતુ જય શ્રીયમ્ ॥

(ભાવાર્થ : ભગવાન મહાવીર સ્વામી મંગળરૂપ હો, શ્રી ગૌતમ સ્વામી મંગળરૂપ હો, સ્થૂલિભદ્રાદિ મુનિઓ મંગલરૂપ હો અને જૈન ધર્મ મંગલરૂપ હો.

ઋષભદેવ વગેરે સર્વે તીર્થંકર ભગવંતો તથા ભરત મહારાજા વગેરે ચક્રવર્તીઓ, વાસુદેવો અને પ્રતિવાસુદેવો સર્વે મંગલરૂપ હો.

ત્રણે જગતને આનંદ અર્પનાર તીર્થંકર પ્રભુની માતાઓ શ્રી મરુદેવીથી આરંભીને ત્રિશલામાતા સુધીની માતાઓ મારું કલ્યાણ કરો.

ચક્રેશ્વરી દેવી અને સિદ્ધાયિકા દેવી વગેરે શાસન અધિષ્ઠાયક મુખ્ય મુખ્ય સમ્યક્ દૃષ્ટિ દેવ-દેવીઓ મારાં વિઘ્નો દૂર કરો અને જયલક્ષ્મી આપો

Now Dipti's mother Pallaviben and Janak's mother Deepikāben will put an auspicious Tilak on the forehead of the bride and the groom. Pāyalbahen will tie the Mindhal on the right hand of the bride and the groom. Bhaktibahen will tie the holy Rakshāpotali on the right arms of both the parents. Now, the recital of the Mangal Tilak verses will follow.

Mangaltilak

Mangalaṃ bhagavān viro, mangalaṃ Gautamaprabhuhu
Mangalaṃ Sthulibhadrādyā, Jain dharmostu mangalam

Nābhe ādyā jināhā sarve, Bharatādyascha chakriṇah
Kurvantu mangalam sarve, Vishṇavah Prati Vishṇavah

Marudevi Trishalādyā Vikhyātā Jinamātarah
Trijagat janitā nandā, mangalāy bhavantu me

Chakreshwari Siddhāyikā, mukhyāhā Shāsandevatā
Samyagdarshā Vighnaharāhā, rachayantu jayshreeyaṃ

(meaning - May Bhagawān Mahāvir, Gautam Swāmi, Sthulibhabra and other sages and the Jainism, be auspicious to us.
May all the Tirthankars right from Rushabhdev to Mahāvir, the sovereign rulers like Bharat and others, as well as, Vāsudevas and Prativāsudevas (anti vāsudevas), be good to us.
May the mothers right from Shri Marudevi to Trishalāmātā, the mothers of the Tirthankaras, the delighters to three worlds, be for my good.
May, the principal gods and godesses of Jainism, like Chakreshwari and Siddhāyikā, remove my obstacles and bestow victory and wealth on me.)

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ!
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥

(અર્થ : હે નાથ! ત્રણે જગતના જીવોની પીડાને હરનાર એવા તમને નમસ્કાર હો. પૃથ્વીતલના નિર્મલ આભૂષણ એવા તમને નમસ્કાર હો. ત્રણ જગતના પરમેશ્વર એવા તમને નમસ્કાર હો. હે જિનેશ્વર ! સંસારરૂપી સમુદ્રનું શોષણ કરનાર એવા તમને નમસ્કાર હો.)

અને હવે કલ્યાણકારી માંગલિક ગવાશે.

॥ માંગલિક ॥

चत्तारि मंगलम्
अरिहंता मंगलम्
सिद्धा मंगलम्
साहू मंगलम्
केवली पण्णत्तो धम्मो मंगलम् ।
चत्तारि लोगुत्तमा
अरिहंता लोगुत्तमा
सिद्धा लोगुत्तमा
साहू लोगुत्तमा
केवली पण्णत्तो धम्मो लोगुत्तमो ।
चत्तारि सरणं पव्वज्जामि
अरिहंते सरणं पव्वज्जामि
सिद्धे सरणं पव्वज्जामि
साहू सरणं पव्वज्जामि
केवली पण्णत्तं धम्मं सरणं पव्वज्जामि

Tubhyaṃ namastribhuvanārtiharāy nāth!
Tubhyaṃ namah Kshititalāmalabhushaṇāy
Tubhyaṃ namastrijagatah Parameshwarāy
Tubhyaṃ namo Jin! bhavodadhishoshaṇāy

(meaning - O Lord, bow down to you, who are the destroyer of the sufferings of the three worlds. Bow to you, the chaste and pure ornament of the face of the earth; bow to you, the paramount Lord of the three worlds. O Jina! bow down to you, the absorber of the ocean in the form of the wordly existence).

And now follows Māngalik, the bestower of goodness.

Māngalik

Chattāri Mangalaṃ
Arihantā Mangalaṃ
Siddhā Mangalaṃ
Sāhu Mangalaṃ
Kevali paṇṇatto dhammo mangalaṃ

Chattāri loguttamā
Arihantā loguttamā
Siddhā loguttamā
Sāhu loguttamā
Kevali paṇṇatto dhammo loguttamo

Chattāri saraṇam pavvajjāmi
Arihante saraṇam pavvajjāmi
Siddhe Saraṇam pavvajjāmi
Sahu Saraṇam pavvajjāmi
Kevali paṇṇattam dhammam saraṇam pavvajjāmi

(અર્થ : ચાર તત્વો મંગલ સ્વરૂપ છે
અર્હન્ત પ્રભુ મંગલ સ્વરૂપ છે.
સિદ્ધ દેવો મંગલ સ્વરૂપ છે.
સાધુજનો મંગલ સ્વરૂપ છે.
કેવલી પ્રભુદ્વારા પ્રજ્ઞપ્ત ધર્મ મંગલરૂપ છે.
જગતમાં ચાર તત્વ સર્વશ્રેષ્ઠ છે.
અરિહંત સર્વશ્રેષ્ઠ છે.
સિદ્ધ દેવો સર્વશ્રેષ્ઠ છે.
સાધુજનો સર્વશ્રેષ્ઠ છે.
કેવલી પ્રભુદ્વારા પ્રજ્ઞપ્ત ધર્મ સર્વશ્રેષ્ઠ છે.
હું ચાર (શ્રેષ્ઠ) તત્વોને શરણે જાઉં છું.
અરિહંતોને શરણે જાઉં છું
સિદ્ધ દેવોને શરણે જાઉં છું.
સાધુજનોને શરણે જાઉં છું.
કેવલી પ્રભુએ પ્રચારિત ધર્મને શરણે જાઉં છું.)

આપણે સૌએ કલ્યાણકારી માંગલિક સાંભળ્યું. હવે, વરકન્યા તેમજ બન્નેનાં માતા-પિતાને પણ વિનંતી કે તેઓ જિનેશ્વર પ્રભુનાં ચરણકમલપર અક્ષત અંજલિ અર્પે.

હવે અર્હત પૂજા એટલે સર્વકાલ વંદનીય ચોવીસ તીર્થંકર ભગવંતોની પૂજા શરૂ થાય છે. પ્રત્યેક તીર્થંકર પ્રભુનું નામ બોલાય ત્યારે દીપ્તિ-જનકને વિનંતી કે તેઓ ભગવંતપૂજા વાસક્ષેપથી ભાવપૂર્વક કરે. પાયલબહેન છેલ્લા શ્લોક વખતે વરકન્યા, પૂજનસામગ્રી, ભૂમિ વગેરે પર પવિત્ર જળનો છંટકાવ કરી અક્ષત અંજલિ અર્પશે.

(meaning - Four elements are auspicious to us -
Lord Arhat is auspicious
The siddhas are auspicious
The monks are auspicious.
The Jain religion propounded by Lord Kevali is auspicious.

These four are the best in the world -
Arihant is the best of all.
Siddhas are the best.
The monks are the best amidst all.
The jain religion propounded by Lord Kevali, is the best.

I seek the refuge of (these) four -
I seek the shelter of Arihant
I seek the shelter of the Siddhas
I seek the shelter of the monks.
I seek the shelter of the religion propounded by Lord Kevali.)

We have just listened to the auspicious Māngalik. Now we request the bride and the groom, and also their parents to offer the sacred rice (Akshat) at the lotus like feet of Lord Jineshwar.

And now we begin with Arhat Poojā i.e. the worship of all the twentyfour Tirthankaras who are worshipped by all and at all the times. Dipti and Janak are requested to offer Vāsakshepa (the sacred powder) to each Tirthankara Lord when His name is being recited. Pāyalbahen will offer holy rice or Akshata on the recital of the last shloka (verse), after sprinkling holy water on the bride and the groom, the articles for performing the poojā, the party etc.

॥ अर्हत् पूजा ॥

ॐ नमो अर्हते स्वाहा ।

ॐ श्री ऋषभः नः स्वस्ति, स्वस्ति श्री अजितः ।
श्री संभवः स्वस्ति, स्वस्ति श्री अभिनंदनः ॥
श्री सुमतिः स्वस्ति, स्वस्ति श्री पद्मप्रभः ।
श्री सुपार्श्वः स्वस्ति, स्वस्ति श्री चन्द्रप्रभः ॥
श्री सुविधिः स्वस्ति, स्वस्ति श्री शीतलः ।
श्री श्रेयांसः स्वस्ति, स्वस्ति श्री वासुपूज्यः ॥
श्री विमलः स्वस्ति, स्वस्ति श्री अनंतः ।
श्री धर्मः स्वस्ति, स्वस्ति श्री शान्तिनाथः ॥
श्री कुंथुः स्वस्ति, स्वस्ति श्री अरनाथः ।
श्री मल्लिः स्वस्ति, स्वस्ति श्री मुनिसुव्रतः ॥
श्री नमिः स्वस्ति, स्वस्ति श्री नेमिनाथः ।
श्री पार्श्वः स्वस्ति, स्वस्ति श्री वर्धमानः ॥
ॐ ह्रीं श्री सीमंधरादि विहरमान विंशति
तीर्थंकरेभ्यो नमः ॥
ॐ नमो अर्हते स्वाहा
ॐ ह्रीं ह्रीं ह्रुं ह्रौं ह्रः ॥
ॐ नमो अर्हते भगवते श्रीमते पवित्र जलेन सर्व शुद्धि करोमि स्वाहा ॥

Arhat Poojā

Om Namo Arhate Swāhā

Om Shri Rushabhaḥ naḥ swasti, swasti shri Ajitaḥ
Shri Sambhavaḥ Swasti, swasti Shri Abhinandanaḥ

Shri Sumatiḥi swasti, swasti Shri Padmaprabhaḥ
Shri Supārshwaḥ swasti, swasti Shri Chandraprabhaḥ

Shri Suvidhiḥi swasti, swasti Shri Sheetalaḥ
Shri Shreyānsaḥ swasti, swasti Shri Vāsupoojyaḥ

Shri Vimalaḥ swasti, swasti Shri Anantaḥ
Shri Dharmaḥ Swasti, Swasti Shri Shāntināthaḥ

Shri Kunthuḥu Swasti, Swasti Shri Aranāthaḥ
Shri Malliḥi Swasti, swasti Shri Munisuvrataḥ

Shri Namiḥi Swasti, swasti Shri Nemināthaḥ
Shri Parshwaḥ swasti, swasti Shri Vardhamānaḥ

Om hriṃ Shri Simandharādi Viharamān Vinṣhati Tirthankarebhyo Namaḥ.

On namo Arhate swāhā
Om hraṃ, hriṃ, huṃ, hrauṃ, hraḥ

Om Namo Arhate Bhagavate Shrimate
Pavitra jalen Shuddhim Karomi Swāhā.



(ભાવાર્થ : શ્રી ઋષભનાથ અમારે માટે મંગલસ્વરૂપ હો, શ્રી અજિતનાથ અમારે માટે કલ્યાણકારક હો, શ્રી સંભવનાથ અમારે માટે મંગલસ્વરૂપ હો, શ્રી અભિનંદન સ્વામી અમારે માટે મંગલસ્વરૂપ હો.

શ્રી સુમતિ જિન આપણા માટે મંગલસ્વરૂપ હો, શ્રી પદ્મપ્રભ પ્રભુ આપણા માટે કલ્યાણકારી હો. શ્રી સુપાર્શ્વપ્રભુ આપણા માટે કલ્યાણકારી હો, શ્રી ચન્દ્રપ્રભ સ્વામી આપણા માટે કલ્યાણકારી હો.

શ્રી સુવિધિ પ્રભુ અમારે માટે મંગલસ્વરૂપ હો, શ્રી શીતલનાથ અમારે માટે મંગલ સ્વરૂપ હો, શ્રી શ્રેયાંસ જિન અમારે માટે કલ્યાણકારી હો, શ્રી વાસુપૂજ્ય અમારે માટે મંગલસ્વરૂપ હો.

શ્રી વિમલનાથ અમારે માટે મંગલ સ્વરૂપ હો, શ્રી અનંતનાથ અમારે માટે મંગલ સ્વરૂપ હો, શ્રી ધર્મ જિન અમારે માટે મંગલ સ્વરૂપ હો, શ્રી શાંતિનાથ અમારે માટે મંગલ સ્વરૂપ હો,

શ્રી કુંથુનાથ અમારે માટે કલ્યાણકારી હો, શ્રી અરનાથ કલ્યાણકારી હો, શ્રી મલ્લિનાથ કલ્યાણકારી હો, શ્રી મુનિસુવ્રત કલ્યાણકારી હો.

શ્રી નમિનાથ અમારે માટે મંગલસ્વરૂપ હો, શ્રી નેમિનાથ મંગલ સ્વરૂપ હો, શ્રી પાર્શ્વનાથ મંગલસ્વરૂપ હો, શ્રી વર્ધમાન પ્રભુ મંગલસ્વરૂપ હો)

હવે જ્ઞાનપૂજા આરંભાય છે. વરકન્યા પવિત્ર વાસક્ષેપથી જ્ઞાનપૂજા કરશે. પૂજા વખતે વરકન્યાનાં માતા-પિતા હાથ જોડી, શ્રદ્ધાપૂર્વક આ મંત્ર પાંચ વાર બોલશે. પછી જ્યારે શાંતિમંત્રનો પાઠ થતો હોય ત્યારે દરેક વાક્યને અંતે અક્ષતથી પૂજા કરશે.

શાસ્ત્રપૂજા પછી ભાવપૂર્વક હાથ જોડી 'શાંતિમંત્ર' ત્રણ વાર બોલવા માટે વરકન્યાનાં માતાપિતાને વિનંતી.

(Summary - May Shri Rushabhnāth, Shri Ajitnāth, Shri Sambhavnāth and Shri Abhinandanswāmi, be auspicious to us.
May Shri Sumatināth, Shri Padmaprabhu, Shri Supārshwanāth and Shri Chandraprabh Swāmi, be gracious to us.
May Shri Suvidhiprabhu, Shri Sheetalnāth, shri Shreyans jina Prabhu and Shri Vāsupoojya, be auspicious to us.
May Shri Vimalnāth, Shri Anantnāth, Shri Dharma jina and Shri Shāntināth, be gracious to us.
May Shri Kunthunāth, Shri Aranāth, Shri Mallināth and Shri Muni Suvrata, be auspicious to us.
May Shri Namināth, Shri Nemināth, Shri Pārshwanāth and Shri Vardhamān Prabhu, be gracious to us).

Now, we begin with Ghyānapoojā i.e. the worship of the sacred scriptures and the books of learning. The bride and the groom will perform the ceremony by offering Vāskshepa (i.e. the sacred yellow coloured sandalwood powder). Both the parents will recite the following Mantras with utmost attention and devotion, having folded their hands in prayer. Thereafter, they will worship the scriptures by offering the sacred unbroken rice, i.e. Akshat, at the time of the recital of Shāntimantra.

The parents of the bride and the groom, are requested to recite Shāntimantra thrice, having folded their hands in prayer.

॥ શાસ્ત્રપૂજા ॥

ૐ હ્રીં નમો નાણસ્સ
ૐ હ્રીં નમો નાણસ્સ
ૐ હ્રીં નમો નાણસ્સ
ૐ હ્રીં નમો નાણસ્સ
ૐ હ્રીં નમો નાણસ્સ

(ભાવાર્થ : ૐ હ્રીં જ્ઞાન (દેવતા) ને નમસ્કાર)

॥ શાંતિમંત્ર ॥

ૐ હ્રીં અર્હં અ સિ આ ઉ સા નમઃ સર્વ શાંતિં કુરુ કુરુ સ્વાહા ॥
ૐ હ્રીં અર્હં અ સિ આ ઉ સા નમઃ સર્વ શાંતિં કુરુ કુરુ સ્વાહા ॥
ૐ હ્રીં અર્હં અસિ આ ઉ સા નમઃ સર્વ શાંતિં કુરુ કુરુ સ્વાહા ॥

અને હવે, આ લગ્નસંસ્કારની સૌથી મહત્વની વિધિ-છેડાબંધનની વિધિ શરૂ થાય છે. પલ્લવીબહેનને વિનંતી કે જનકભાઈના ખેસના જે છેડે સોપારી અને રૂપાનાણું બાંધેલ છે એ છેડાને દીપ્તિના ઘરચોળાના છેડા સાથે ઉલ્લાસપૂર્વક બાંધે. પાયલબહેન, દીપ્તિ-જનકને વરમાળા પહેરાવશે. આ દરમ્યાન છેડાબંધનનો પવિત્ર શ્લોક ગવાશે.

Shāshtrapoojā (The worship of the scriptures)

Om hrim̩ namo nan̩assa
Om hrim̩ namo nan̩assa
Om hrim̩ namo nan̩assa
Om hrim̩ namo nan̩assa
Oh hrim̩ namo nan̩assa

(meaning - Om hrim̩. Salutations to the god of learning (knowledge).

Shāntimantra (spell for peace)

Om hrim̩, Arham̩, A, si, ā, u, sā namah̩. Sarvam̩ shāntim̩ kuru kuru swāhā

Om, hrim̩, Arham̩, A, si, ā, u, sā namah̩, Sarvam̩ Shāntim̩ kuru kuru swāhā

Om, hrim̩, Arham̩, A si, ā, u, sā namah̩, Sarvam̩ Shāntim̩ kuru kuru swāhā.

And now we begin with the most important sacrament of this Wedding Ceremony, the sacrament of the tying of wedding knots, known as Chhedābandhan. Pallavibahen is requested to tie one end of the saree of Dipti with the other end of the loose cloth hung over the right shoulder of Janakbhāi. This end of Khes (i.e. the loose garment) has betel nut and silver coins tied to it.

Pāyalbahen will place joyfully a Varmālā - the garland symbolising the union-around the neck of Dipti and Janak. The verse (shloka) bringing out the importance of the ceremony will be sung at this time.

॥ છેડા-બંધન ॥

અસ્મિન્ જન્મન્યેષ બંધોદ્વયોર્વૈ
કામે ધર્મે વા ગૃહસ્થત્વભાજિ ।
યોગો જાતઃ પંચ દેવાગ્નિસાક્ષી
જાયા પત્યોરંચલગ્રંથિબંધાત્ ॥

(ભાવાર્થ : તમારા બન્નેનું આ (છેડા) બંધન આ જન્મમાં કામ અને ધર્મમાં ભાગીદારરૂપ છે. પત્ની અને પતિના છેડાની ગાંઠના બંધનથી પાંચ દેવ અને અગ્નિની સાક્ષીએ આ યોગ થયો છે.)

હવે લગ્ન સંસ્કારના હાર્દસમી 'હસ્તમેળાપ'ની વિધિ શરૂ થાય છે. ચિ. દીપ્તિના પિતાશ્રી દિલીપભાઈને વિનંતી કે વર અને કન્યાના જમણા હાથમાં કંકુનો મંગળ સાથિયો કરી, વરના જમણા હાથ ઉપર કન્યાનો જમણો હાથ આનંદપૂર્વક મૂકી . આ શુભ મુહૂર્તે, જિનેશ્વર ભગવાનની સાક્ષીએ, હસ્તમેળાપ કરાવે. આ વિધિ દરમ્યાન દીપ્તિ-જનક દીર્ઘ શ્વાસ લઈ, કુંભક ધ્યાન ધરી, ચિત્તને એકાગ્ર કરી, નવકાર મંત્ર મનમાં ત્રણ વાર બોલશે. શ્લોકના છેલ્લા ચરણ 'ૐ અર્હમ્' ના ગાન વખતે કન્યાનાં માતા-પિતા, કન્યાના મળેલા હાથ ઉપર સહેજ જળધારા વહાવી, પોતાની સંમતિ અને આનંદ વ્યક્ત કરશે. વિધિ દરમ્યાન હસ્તમેળાપનો શ્લોક ગવાશે.

॥ હસ્તમેળાપ ॥

હારિદ્ર પંકમવલિપ્ય સુવાસિનીભિઃ ।
દત્તં દ્વયો જનકયોઃ ખલુ તૌ ગૃહીત્વા ॥
દક્ષિણ કરં નિજસુતાં ભવમગ્રપાણિમ્ ।
લિમ્પેદ્ વરસ્ય ચ કરદ્વય યોજનાર્થમ્ ॥

(ભાવાર્થ . સૌભાગ્યવંતી નારીઓએ જેને પીઠી ચોળી છે એવી પોતાની પુત્રીના જમણા હાથને વરના કંકુરંગ્યા હાથમાં કન્યાના પિતા મૂકે છે.)

Chhedābandhan (Tying of the sacred knot)

Asmin janmanyesh bandho dvayorve
Kāme dharme vā gruhsthatvabhāji
Yogo jātaḥ panchdevāgni sākshi
Jāyā patyoranchal granthibandhāt

(Summary - This is symbolic of your partnership in the performance of duties. This union has been formed in the presence of the five gods and the light).

And now follows Hastamelāp, the joining of the palms of the bride and the groom, symbolising their union. This is the core of the sacrament of the wedding. Dipti's father Dilipbhāi is requested to form the holy swastik on the palm of Dipti and Janak, and then enjoy the fortune of causing Hastamelāp after placing the right palm of Dipti on the right palm of Janak, at this moment, keeping Lord Jineshwara as witness. Dipti and Janak will silently recite Navkār Mantra thrice, in their mind, with full concentration, having resorted to Kumbhaka dhyān (meditation), taking deep breaths. The parents of the bride will pour holy water on the united palms of the bridal couple, at the time of the recital of Om Arhaṃ at the end of the last quarter of the shloka. The shloka of Hasta Melāp will be sung now.

Hastamelāp (The union of two palms)

Hāridra Pankamavalipya Suvāsinibhiḥi
Dattam dwayo janakayoho khalu tau gruhitvā
Dakshiṇ karam nijasutam bhavamagrapaṇim
Limped varasya cha karadway yojanārthaṃ

(Summary - The bride's father puts the right hand of the daughter who has been annointed by turmeric by the ladies whose husbands are alive, in the hand of the groom).

-અને હવે જિનેશ્વર ભગવંતની સાક્ષીએ એકબીજાનાં બનેલ દીપ્તિ-જનકના ગૃહસ્થજીવનમાં માંગલ્ય રહે, એમનો પ્રેમ અમર રહે, અને જીવનમાં પ્રત્યેક પળે સુખશાંતિ પ્રાપ્ત થાય-એ ભાવનાથી મંગલાષ્ટક ગવાશે.

॥ મંગલાષ્ટક ॥

વંદી ભાવથી સર્વ સંત જનને, શ્રદ્ધા થકી પૂજીએ
દૈને મંત્ર મહા જગે હૃદયથી, તાર્યા સહુ જીવને
જેણે નિત્ય વહાવી હર્ષથી અહીં, ગંગા બધે પ્રેમની
એવા વીર મહાપ્રભુ યુગલનું, કુર્યાત્ સદા મંગલમ્ ॥૧॥

બ્રહ્માંડે લહરાવી ભાવ થકી આ, જેણે ધ્વજા ધર્મની
ને સૌ જીવતણા થયા હરખથી, બંધુ ખરા આત્મના
સૌ તીર્થંકર જૈન શાસનતણા, શાંતિ સુધા અર્પતા

આનંદે અમ દીપ્તિ ને જનકનું, કુર્યાત્ સદા મંગલમ્ ॥૨॥
પોષી નેહથી, નિજ અંક મહીં લૈ, હેતે ઝુલાવી સદા
વાણી ના કટુતાભરી કદી સરી, દાદી મુખેથી જરા
સીંચી સંસ્કૃતિબીજ એ નિશદિને, દાદા થયા પૂર્ણ જે.
'સુશીલા-રમણિક' નેહઝરણાં, કુર્યાત્ સદા મંગલમ્ ॥૩॥

Now we will chant Mangalāshtak, a group of eight verses, with the wish that may Dipti-Janak who have now become a couple, keeping Lord Jineshwar as witness, have harmony, love, peace and happiness at every moment in their life.

Mangalāshtak (The Auspicious Eights)

1. Having bowed down to all the saints, we worship them with devotion. May that great Lord Mahāvir, who has liberated the souls in bondage, having let flow the Ganges of love, be beneficial to the couple.

2. May all the (twenty-four) Tirthankaras, who have unfurled the flag of religion, who are the true companions of the soul and who are a giver of the nectar in the form of peace, do good to our Dipti & Janak, joyfully.

3. May the uninterrupted streams of love flowing from the hearts of grandmother, Sushilā, and grand father, Ramaṇikbhāi, who have nourished her with love having taken her to their lap, who did never utter bitter words and who took care day and night to grow the seeds of culture in Dipti, be auspicious to the couple.

લૈ જે રૂપ વિભુવરે ધરાણીપે, પાયાં પ્રીતિ-અમૃતો
લૂછી અશ્રુ-ય નિજ પાલવ થકી, છાયા દીધી નેહની
જેની ફોરમ નિત્ય ચિત્ત ભરતી, ગૃહે છવાતી રહી
મોંઘા 'પલ્લવી' માતૃભાવ હૃદયનું, કુર્યાત્ સદા મંગલમ્ ॥૪॥

હૈયા હેતથી અંગુલિ પકડીને, પાઠો ભણાવ્યા ખરા
જેને કાજ વહાલી 'ડિમ્પલ' બની, આંખોની કીકી સમી
પિતા પ્રેમલ ને સખા જીવનમાં, સન્માર્ગ સાથી રૂડા
પિતા 'દિલીપભાઈ' ડિમ્પલતણું, કુર્યાત્ સદા મંગલમ્ ॥૫॥

ખેલંતાં હરખે વીતી પલકમાં, મીઠી પળો શૈશવે
જેના આગમને પ્રકાશ પ્રસરે, હૈયા તણા મંડપે
એવાં સ્નેહી 'અરુણ' ને 'રજનિકા', કાકા અને કાકીઓ
'નૈના-હર્ષદ', દીપ્તિ ને જનકનું, કુર્યાત્ સદા મંગલમ્ ॥૬॥

થાતાં મિત્ર ખરાં ઘડીક રમતે, કિટ્ટા થતી સ્હેજમાં
બુચ્ચા કરી લઈ ફરી રમતમાં, જોડાઈ જાતાં બધાં
દીપુ-પાયલ ને રસેલ સહ આ, મોના અને આશના
પ્રાર્થે નિત્ય વિભુવરો યુગલનું, કુર્યાત્ સદા મંગલમ્ ॥૭॥

'તારે કાજ સદા હજો જીવનમાં, છાયા રૂડી સ્નેહની
પુષ્પા માતૃઉરેથી નિત્ય વહેશે, વાત્સલ્યગંગા ખરી
પિતા 'પંકજ' ને સદા ખીલવજે, 'ભક્તિ' 'દીપિકા' બની
પ્રાર્થે 'રાજમણિ' પ્રભુ યુગલનું, કુર્યાત્ સદા મંગલમ્ ॥૮॥

4. May the matchless maternal love of Pallavi do good to both Dipti & Janak; the love whose fragrance has always spread in the air and who is the incarnate of God on the earth.

5. May the love of father Dilipbhāi, who has imparted the lessons of life with love, for whom Dipti has remained an apple of his eye, and who has become an affectionate father, life long friend and a companion on the path of righteousness, bestow auspiciousness on Dimple.

6. The sweet moments of childhood fled away fast while playing with them and whose arrival has brightened the canopy of the heart - such sweet uncles and aunties Aruṇ-Rajnikā and Nainā-Harshad, do good to Dipti & Janak, forever.

7. These Dipu-Pāyal alongwith Āshanā, and Russel-Monā with whom there is the companionship mingled with affectionate quarrels, pray that may all the supreme gods, do good to the couple.

8. May you have forever the soothing shadow of affection in love, Ganges in the form of maternal love flowing from the heart of Pushpā mummy, may you always let bloom Pankajbhāi having become Bhakti of Deepikā. With these wishes the 'Rājamaṇi' family solicits the blessings of The Almighty on the couple.

હવે નવકાર મંત્ર તથા 'ૐ અર્હમ્' નુ રટણ થશે.

॥ નવકાર મંત્ર ॥

ૐ નમો અરિહંતાણમ્
ૐ નમો સિધ્ધાણમ્
ૐ નમો આયરિયાણમ્
ૐ નમો ઉવજ્ઝાયાણમ્
નમો લોએ સવ્વ સાહૂણમ્
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિમ્
પઢમં હવઈ મંગલમ્ ॥

ૐ અર્હમ્ । આત્માઽસિ, જીવોઽસિ, સમકાલોઽસિ, સમચિત્તોઽસિ, સમકર્મોઽસિ, સમશ્રેયોઽસિ, સમદેહો ઽ સિ, સમસ્નેહોઽસિ, સમપ્રમોદોઽસિ, સમગમોઽસિ, સમવિહરોઽસિ, સમ મોક્ષોઽસિ, તદેહિ એકત્વં ઈદાનીયમ્ ।

ૐ અર્હમ્ । ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ।।

ૐ ક્ષ્વીં ક્ષ્વીં હં સઃ સ્વાહા ।

વરકન્યાને વિનંતી કે તેઓ જિનેશ્વરચરણે અક્ષત અંજલિ ભાવપૂર્વક અર્પણ કરે.

Now follows the recital of Navakārmantra and Om Arhaṃ

Navakārmantra

Oṃ namo Arihantāṇaṃ
Oṃ namo Siddhāṇam
Oṃ namo Āyariyāṇaṃ
Oṃ namo Uvajzāyāṇaṃ
Namo loe savva sāhuṇaṃ
Eso panch namukkāro
Sava pāvppaṇāsaṇo
Mangalāṇaṃ cha savvesiṃ
Padhamaṃ havai mangalaṃ

Oṃ Arhaṃ! Ātmāsi, Jivosi, Samakālosi, Samachittosi, Samakarmosi, samashreyosi, Samadehosi, Samasnehosi, Samapramodosi, Sama gamosi, Sama Viharosi, Sama mokshosi, Tadehi Ekatvam idāniyaṃ.

Oṃ Arhaṃ, Oṃ Shāntiḥi, Shāntiḥi, Shāntiḥi!
Oṃ kshviṃ, kshviṃ, ham saḥ swāhā.

The newly wedded couple is requested to offer unbroken sacred rice, with devotion, at the lotus-like feet of Jineshwar.

દીપ્તિ-જનક, આજથી જીવનમાં પ્રત્યેક પગલે તમે એકબીજાનાં સાથી બનો છો. ''મન, કર્મ, શારીરિક ક્રિયા, પ્રેમ, આનંદ અને દીર્ઘાયુષ્યની બાબતમાં એકબીજાનાં સહભાગી બની, સાચા અર્થમાં જીવનનાં સર્વ સુખ પામીએ''-એ ભાવના હૃદયમાં ધારી, એકબીજાનો હાથ ઝાલી, શાસનદેવતાની સાક્ષીએ દીપક ફરતા છ મંગલફેરા ફરી, તમો સાચાં જીવનસાથી બનો.

ફેરા ફરતી વખતે કન્યા આગળ અને વર પાછળ રહેશે. આ વિધિ દરમ્યાન દરેક ફેરે એક શ્લોક ગવાશે અને ફેરાને અંતે જ્યારે 'સ્વાહા' બોલાય ત્યારે વરકન્યા 'ૐ અર્હમ્' બોલી, પ્રભુચરણે અક્ષત અંજલિ અર્પશે.

॥ મંગલફેરા ॥

સજ્જાતિ સદ્‌ગૃહસ્થત્વં, પારિવ્રાજયં સુરેન્દ્રતા ।
સામ્રાજ્યં પરમાર્હન્ત્યં નિર્વાણં ચેતિ સપ્તકમ્ ॥
ૐ હ્રીં શ્રી સજ્જાતિ પરમસ્થાનાય નમઃ સ્વાહા ।
ૐ હ્રીં શ્રી સદ્‌ગૃહસ્થ પરમસ્થાનાય નમઃ સ્વાહા ।
ૐ હ્રીં શ્રી પારિવ્રાજ્ય પરમસ્થાનાય નમઃ સ્વાહા ।
ૐ હ્રીં શ્રી સુરેન્દ્રતા પરમસ્થાનાય નમઃ સ્વાહા ।
ૐ હ્રીં શ્રી સામ્રાજ્ય પરમસ્થાનાય નમઃ સ્વાહા ।
ૐ હ્રીં શ્રી પરમાર્હન્ત્ય પરમસ્થાનાય નમઃ સ્વાહા ।

Dipti-Janak, from this day onwards, you are companions of each other, at every stage of your life. Now may you be the companions of each other, taking six holy rounds or mangalpherās, around the lamp, in the presence of the Shāsan devatās, holding each other's hand. May you cherish the sacred wish in your hearts that - Let us be co-enjoyers in love, long life and also in our mental as well as physical actions.

The bride will lead and the groom will follow her, while performing this Mangalpherā ceremony. A sacred verse will be chanted with each sacred round and the couple will offer Akshat at the feet, of the Lord uttering the words, " Oṃ Arhaṃ" , when the word, 'Swāhā', is being spoken at the end of each Pherā.

Mangalpherā

Sajjāti Sadgriḥasthatvaṃ, pārivrājyaṃ surendratā
Sāmrājyaṃ Paramārhantyaṃ, nirvāṇam cheti saptakaṃ

Oṃ hriṃ Shri Sajjāti paramsthānāy namaḥ swāhā
Oṃ hriṃ Shri Sadgrihastha paramsthānāy nāmaḥ swāhā
Oṃ hriṃ Shri Parivrājya paramsthānāy namaḥ swāhā
Oṃ hriṃ Shri Surendratā paramsthānāy namaḥ swāhā
Oṃ hriṃ Shri Sāmrajya paramsthānāy namaḥ swāhā
Oṃ hriṃ Shri Paramarhantya paramsthānāy namaḥ swāhā

(ભાવાર્થ : ૐ હ્રીં શ્રી સદ્કુળરૂપી પરમસ્થાનને નમસ્કાર પૂર્વક સ્વાહા.
ૐ હ્રીં શ્રી સદ્ગૃહસ્થત્વરૂપી પરમસ્થાનને નમસ્કાર.
ૐ હ્રીં શ્રી પારિવ્રાજ્કતારૂપી પરમસ્થાનને નમસ્કાર.
ૐ હ્રીં શ્રી ઐશ્વર્યરૂપી પરમસ્થાનને નમસ્કાર.
ૐ હ્રીં શ્રી સામ્રાજ્યરૂપી પરમસ્થાનને નમસ્કાર.
ૐ હ્રીં શ્રી પરમ અરિહંતત્વરૂપી પરમસ્થાનને નમસ્કાર.

હવે લગ્ન સંસ્કારના પાયા સમી સપ્તપદીની વિધિ શરૂ થાય છે. દીપ્તિ-જનકને વિનંતી કે લગ્નસંસ્કારની પવિત્રતા અને ગૌરવને ઊંડાણથી સમજી, પ્રેમપૂર્વક સપ્ત પ્રતિજ્ઞાઓ લે. આપણે સહુ આ પ્રતિજ્ઞાઓને શાંતિપૂર્વક સાંભળીએ.

॥ સપ્તપદી ॥

અમે શ્રી જિનેશ્વર ભગવાન, શ્રી ગણધર ભગવંત, શ્રી સિદ્ધચક્ર, શ્રી શ્રુતશાસ્ત્ર અને અગ્નિ-દીપજ્યોતિની સાક્ષીએ પ્રતિજ્ઞા લઈએ છીએ કે-

૧. એકબીજાની લાગણીને અંતરના ઉમળકાથી માન આપી, સન્માનસહિત ગૃહસ્થધર્મ નિભાવીશું.
૨. અમે સદા એકબીજાનાં પૂરક અને સહાયક બનીને રહીશુ.
૩. સુખમાં કે દુઃખમાં અમે એકબીજાના પ્રત્યે ઉચિત વ્યવહાર જ કરીશું અને સદા એકબીજાનો સાથ નિભાવીશું.
૪. એકબીજાને મન, વચન, કાયાથી સંપૂર્ણપણે વફાદાર રહીશું.
૫. જીવન વ્યવહારમાં સમાન સ્થાન અને અધિકાર ધરાવીશું તથા પ્રેમભાવ અને પરસ્પર સહકારથી અમારા ગૃહસ્થજીવનનાં કર્તવ્યોનું નિષ્ઠાપૂર્વક પાલન કરીશું.
૬. એકબીજાના પરિવાર સાથે એકરૂપ થઈને રહીશું.
૭. ધર્મ, અર્થ અને કામ - એ ગૃહસ્થ જીવનના ત્રણે પુરુષાર્થોનું વિશુદ્ધ ભાવે પાલન કરીને અમારા ગૃહસ્થાશ્રમને દીપાવીશું.

(Summary - Salutations to the supreme place in the form of noble origin.
Salutations to the monkhood.
Salutations to the supreme place in the form of glory.
Salutations to the supreme place in the form of sovereignity.
Salutations to the supreme place in the form of highest Lord Arihant)

Now follows the saptapadi ceremony, the very foundation of the wedding sacrament. Dipti and Janak are urged to take the seven vows with love and fullest understanding, bearing in their heart the sanctity, and holiness of The Wedding Sacrament. let us all listen peacefully, to these seven vows.

Saptapadi (The seven vows)

In the witness of Shri Jineshwar Bhagawān, Shri Gaṇadhar Bhagawānt, Shri Siddhachakra, Shri Shrutshāshtra and the lamp, we take vows that -

(1) Upholding with enthusiasm each other's feelings, we will discharge our house-holder's duties with dignity.

(2) We will always be a complement and supplement to each other.

(3) We will observe just behaviour in odd or even times and will always be companions to each other.

(4) We will remain completely faithful to each other in our thoughts, words and deeds.

(5) We will enjoy equal status and authority in our worldly dealings and shall devotionally perform the householder's functions with love and co-operation.

(6) We will live happily having become a part and parcel of each other's families.

(7) We shall bring glory to Grihsthāshram by striving to attain the three noble goals viz, Dharma (Duty), Artha (acquiring wealth) and Kāma (the fulfilment of desires) with pure intention.



આ સાત પ્રતિજ્ઞા લીધા પછી, હવે કન્યા પોતાનું સ્થાન બદલી, વરની ડાબી બાજુ બેસશે. ચિ. દીપ્તિ હવે કન્યા મટી, 'દોશીપરિવાર'ની કુળવધૂ બની છે. શંખધ્વનિ, ઘંટનાદ અને સંગીતથી મંગલ બનતા વાતાવરણમાં હવે આપણે સહુ દીપ્તિ-જનકની બેલડીને કેસરિયા અક્ષતથી વધાવીએ.

અને હવે વર આગળ અને કન્યા પાછળ હોય એમ બન્ને સાતમો ફેરો ફરશે. આ વખતે ગવાતા શ્લોકોના છેલ્લા ચરણમાં 'નમઃ સ્વાહા' આવતાં, વરકન્યાનાં માતા-પિતા અક્ષત અંજલિ અર્પણ કરશે. આ વિધિ કરતાં વરકન્યાનાં માતા-પિતા, છેલ્લે 'ૐ પુણ્યાહમ્, પુણ્યાહમ્, પ્રિયન્તામ્, પ્રિયન્તામ્' એ મંત્ર અમારી સાથે ત્રણવાર બોલશે.

સજ્જાતિ સદ્‌ગૃહસ્થત્વં પારિવ્રાજ્યં સુરેન્દ્રતા ।
સામ્રાજ્યં પરમાર્હન્ત્યં નિર્વાણં ચેતિ સપ્તકમ્ ॥
નિર્વાણ પરમસ્થાનં જિનભાષિતમુત્તમમ્ ।
પૂજ્યેત સપ્તવર્ગાણિ સ્વર્ગમોક્ષસુખાકરમ્ ॥

ૐ હ્રીં નિર્વાણ પરમ સ્થાનાય નમઃ સ્વાહા ।

હવે વરકન્યાનાં માતા-પિતા બોલે-
ૐ પુણ્યાહમ્, પુણ્યાહમ્, પ્રિયન્તામ્, પ્રિયન્તામ્ ॥
ૐ પુણ્યાહમ્, પુણ્યાહમ્, પ્રિયન્તામ્, પ્રિયન્તામ્ ॥
ૐ પુણ્યાહમ્ પુણ્યાહમ્, પ્રિયન્તામ્, પ્રિયન્તામ્ ॥

After taking these seven vows, the bride will change her place and sit on the left side of the groom. Dipti has now acquired the status of The Kulvadhu of The Doshi Family, having completed her maidenhood. Now, let us hail the couple with saffron coloured rice, in the air filled with the blowing of conches, ringing of bells and melodious music.

And now, the couple will perform the ceremony of the seventh phera. At this time, the bride will follow the groom. Both the parents will offer sacred rice at the feet of the god, when the words " namaḥ swāhā" are being uttered in the last quarter of the shlokas which will be sung at this time. At last, they will recite the mantra, " Om Puṇyāhaṃ, puṇyāhaṃ, priyantāṃ, priyantāṃ" , thrice with us.

Sajjāti sadgrihasthatvaṃ pārivrājyaṃ surendratā
Sāmrājyaṃ paramārhantyaṃ, nirvāṇaṃ cheti saptakaṃ

Nirvāṇ paramasthānam, jinabhāshitamuttamaṃ
pujyet saptavargāṇi swarga mokshasukhā karaṃ

Om hriṃ Shri Nirvāṇ Paramsthānāy namaḥ swāhā

Now, the parents will recite -
Oṃ puṇyāham, puṇyāhaṃ, priyantāṃ, priyantām
Oṃ puṇyāham, puṇyāhaṃ, priyantāṃ, priyantām
Oṃ puṇyāham, puṇyāham, priyantāṃ, priyantām

(ભાવાર્થ : સદ્દજાતિ, સદ્દગૃહસ્થત્વ, પરિવ્રાજક-ભાવ, ઐશ્વર્ય, સામ્રાજ્ય, પરમ અરિહંતત્વ અને નિર્વાણ- આ સાતનું જૂથ કલ્યાણકારી છે. સ્વર્ગ, મોક્ષ અને સુખના ખજાના સમાન, જિન પ્રભુએ કહેલ આ ઉત્તમ ‘સપ્ત પદ’ કે જે પરમ નિર્વાણ સ્થાન સમાન છે, તેની પૂજા કરવી જોઈએ.)

હવે જનક ખૂબ આનંદ સાથે દીપ્તિને સૌભાગ્યના પ્રતીક સમું મંગલસૂત્ર પહેરાવશે. આ સમયે, જીવનસાથી દીપ્તિ-જનકમાટે મંગલ કામનાઓ વ્યક્ત કરતાં આશીર્વચન વિધિકાર બોલશે.

॥ આશીર્વચન ॥

ૐ સુપ્રતિગૃહીતાऽસ્તુ, શાન્તિરસ્તુ, તુષ્ટિરસ્તુ, પુષ્ટિરસ્તુ, ઋદ્ધિરસ્તુ, વૃદ્ધિરસ્તુ, શિવમસ્તુ, કલ્યાણમસ્તુ, કર્મસિદ્ધિરસ્તુ, દીર્ઘાયુરસ્તુ, પુણ્યં વર્ધતામ્, ધર્મો વર્ધતામ્, કુલગોત્રવર્ધતામ્, સ્વસ્તિ ભદ્રં અસ્તુ ।

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિ : ।

ૐ ક્ષ્વીં ક્ષ્વીં હં સ : સ્વાહા ।

(ભાવાર્થ : ૐ તમારો બન્નેનો સારી રીતે સ્વીકાર થાઓ. શાંતિ થાઓ, સંતોષ થાઓ, પોષણ થાઓ, ઋદ્ધિ થાઓ, વૃદ્ધિ થાઓ, શુભ થાઓ, કલ્યાણ થાઓ, કર્મમાં સફળતા મળો, દીર્ઘાયુ બનો, પુણ્ય બલની વૃદ્ધિ થાઓ, ધર્મની વૃદ્ધિ થાઓ, કુળ તથા ગોત્રની વૃદ્ધિ થાઓ, તમારું શુભ કલ્યાણ થાઓ)

(Summary - Noblebirth, goodhouseholding, divinity, sovereignity, the qualities of Arihant and salvation - the group of these seven is always the bestower of good.)

Now Janak will place the Mangalsutra, symbol of the good fortune, around the neck of Dipti. The priest will now utter the blessings for the couple.

Blessings

Om supratigriheetāstu, shāntirastu, Tushtirastu, Pushtirastu, Riddhirastu, Vriddhirastu, Shivamastu, Kalyāṇamastu, Karmasiddhirastu, deerghāyurastu, puṇyaṃ vardhatāṃ, dharmo vardhatāṃ kulgotravardhatāṃ, swasti bhadram astu.

Oṃ Shāntiḥi Shāntiḥi Shāntiḥi!
Oṃ Kshviṃ Kshviṃ ham sah swāhā!

(meaning - May both of you be well accepted, let there be peace, contentment, nourishment, prosperity and growth. May goodness occur to you. May you have success in your actions. May you have long life. May the power of virtuous deeds go on increasing. May the religious tendencies prosper. May your family line increase. May you be blessed by the good.)



સ્નેહી સ્વજનો, અહીં લગ્નવિધિ સંપન્ન થાય છે. આપના ઉલ્લાસસભર સહભાગે આ વિધિને વધુ મંગલમય બનાવી છે. આ અવસરે 'રાજમણિ પરિવાર' અને 'દોશી પરિવાર' વતીથી આપ સૌનો આભાર માનીએ છીએ. આપણે પ્રભુને પ્રાર્થીએ કે એની કૃપા દીપ્તિ-જનકને જીવનનું પ્રત્યેક સુખ અર્પે અને બન્ને એકબીજાના આત્માના સાચાં સાથી બની રહે.

આ વિધિ અમે શક્ય ચોકસાઈ તથા ભાવપૂર્વક કરી છે. છતાંય કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો પ્રભુ પાસે નતમસ્તકે ક્ષમા પ્રાર્થીએ છીએ.

ઈચ્છામિ ખમાસણો, વંદિઉં જાવણિજ્જાએ
નિસીહિઆઓ મત્થએણ વંદામિ ॥
ૐ આજ્ઞાહીનં, ક્રિયાહીનં, મંત્રહીનં ચ યત્કૃતમ્ ।
તત્સર્વં કૃપયા દેવાઃ ક્ષમયન્તુ પરમેશ્વરા ઃ ॥
આવાહનં ન જાનામિ, ન જાનામિ વિસર્જનમ્ ।
પૂજાવિધિં ન જાનામિ, પ્રસીદ પરમેશ્વર ॥

(ભાવાર્થ : હે ગુરુદેવ હુ મારી સમગ્ર શક્તિસહિત અને પાપરહિત શરીર વડે આપને નતમસ્તકે વાંદવાને ઈચ્છું છું.
ૐ હે પરમ ઐશ્વર્યશાલી દેવો, મેં જે આજ્ઞાહીન, ક્રિયાહીન કે મંત્રરહિત કર્મ કર્યું હોય તે સર્વને કૃપા કરીને ક્ષમા કરો.
હે પરમેશ્વર! હું આવાહનની વિધિ જાણતો નથી કે નથી જાણતો વિસર્જન. હું પૂજાવિધિ પણ જાણતો નથી, તો (પણ) મારા પર પ્રસન્ન થાઓ.)

Dear friends and relations, here comes to an end the ceremony. Your participation has added auspiciousness to the ceremony. We thank you all on behalf of the Rājamani Parivar and the Doshi Parivār. Let us pray, The Almighty, to bestow every kind of happiness on Dipti and Janak. May both of them be true companions.

We have performed this ceremony with accuracy and devotion. Yet, we ask for forgiveness before the god for any possible fault.

Vandanā (The Salutation)

Icchhami Khamāsaṇo, Vandium, javanijjae
Nisihiae matthaeṇa Vandāmi

Oṃ Āghyāhinaṃ, kriyāhinaṃ, mantrahinaṃ cha yatkrutaṃ!
Tatsarvam Kripayā devāhā Kshamayantu parmeshwarāhā
Āvāhanaṃ na jānāmi, na jānāmi visarjanaṃ
Poojā vidhim na jānāmi, praseed parameshwar!

(Meaning - O revered sir! With all my might and pure body, I intend to ask for forgiveness with my head lowered at your feet.

O supreme Lords! May you kindly pardon all my such actions which might be devoid of permission (of the scriptures), rites and mantras.

O supreme Lord! I know neither the ceremony of calling you, nor the ceremony of biding farewell. I know not even the rites of worship, (still) may you be pleased with me.



લગ્નમંડપમાં બેઠેલ તથા આ વિધિમાં ઉપસ્થિત સૌ સ્વજનને સાથે મળી 'નવકાર મંત્ર' નું ભાવપૂર્વક પઠન કરવા વિનંતી.

નમો અરિહંતાણમ્ ।
નમો સિદ્ધાણમ્ ।
નમો આયરિયાણમ્ ।
નમો ઉવજ્ઝાયાણમ્
નમો લોએ સવ્વ સાહૂણમ્
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિમ્
પઢમં હવઈ મંગલમ્ ।

સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્ ।
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥

(ભાવાર્થ : સર્વ મંગલોમાં શ્રેષ્ઠ મગલસ્વરૂપ, સર્વ કલ્યાણનું કારણ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવું જૈન શાસન જયવંતુ વર્તે છે.)

॥ શ્રી જિનેશ્વર ભગવાનની જય ॥

Now, we request everybody, including the persons seated on the stage, to recite Navakār Mantra with feelings.

Namo Arihantāṇam
Namo Siddhāṇam
Namo Āyariyāṇam
Namo Uvajzāyāṇam
Namo Loe Savva Sāhuṇam
Eso panch namukkāro
Savva Pāvappaṇāsaṇo
Mangalāṇam cha savvesim
Padhamaṃ havai mangalaṃ

Sarva māngal māngalyaṃ, sarva kalyāṇakāraṇaṃ
Pradhānaṃ sarvadharmāṇāṃ, Jainaṃ jayati shāsanam

~ Victory to Shri Jineshwar Bhagawān ~


DESIGNED & PRINTED BY
BOON ARTS